સ્પોર્ટ્સ ક્વિઝ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત
શુક્રવાર ૧૩ માર્ચ, ૨૦૨૬

સતત બે ટાઈટલ જીતનારા ભારતે ટૂંકા ફોર્મેટમાં એવું પ્રભુત્વ સ્થાપી દીધું છે કે તેમણે બાકીની ટોચની ટીમોને બીજા સ્થાન માટે લડવા માટે છોડી દીધી છે, જે વૈશ્વિક રમતમાં સ્પર્ધાની દૃષ્ટિએ સારી બાબત કહી શકાય તેવી નથી. આ ટૂર્નામેન્ટમાં ન્યૂઝીલેન્ડના માથે હવે નવા ચોકર્સનું ટેગ લાગ્યું છે તો પાકિસ્તાની ટીમ નબળાઈના સાવ નીચલા સ્તરે પહોંચી અને એસોસિએટ ટીમોએ ખાસ ધ્યાન આકર્ષિત કર્યું

બાર્બાડોસથી અમદાવાદ: ભારતના અતુલનીય વર્ચસ્વની ગાથા

2024ના T20 વર્લ્ડકપમાં ચેમ્પિયન બનેલી ભારતીય ટીમ માટે જો બાર્બાડોસ વર્ષોની નિષ્ફળતાનો શ્રાપ તોડનારું સ્થળ હતું, તો અમદાવાદ આ ફટાફટ ક્રિકેટમાં તેના સામ્રાજ્ય બનાવવાનું સ્થળ બની ગયું . સરળ શબ્દોમાં કહીએ તો, ટૂંકા ફોર્મેટ પર ભારતની વર્તમાન પકડ ક્રિકેટના ઈતિહાસમાં અભૂતપૂર્વ છે. રવિવારની ફાઈનલમાં ન્યૂઝીલેન્ડ સામે યજમાન ટીમની 96 રને મળેલી જીતે માત્ર ઐતિહાસિક પ્રથમ વખત ખિતાબનો બચાવ જ નથી કર્યો, પરંતુ T20 ફોર્મેટમાં ભારતીય સર્વોપરિતાના એક ક્રૂર નવા યુગનો સંકેત પણ આપ્યો છે. વધુ મહત્ત્વની વાત એ છે કે, મેદાન પરના શાનદાર પ્રદર્શને તે રાજદ્વારી તણાવ પરથી ધ્યાન હટાવી દીધું જેણે ટુર્નામેન્ટની તૈયારીઓ પર પડછાયો પાડ્યો હતો, જેમાં બાંગ્લાદેશના "સુરક્ષા ચિંતાઓ" ને કારણે ખસી જવાથી લઈને પાકિસ્તાન દ્વારા ભારત સામેની તેમની મોટી ગ્રુપ લીગ ફિક્સ્ચરનો બહિષ્કાર કરવાની ધમકીનો સમાવેશ થાય છે. ભારત ત્રણ T20 વર્લ્ડકપ જીતનારી અને 2024, 2026 એમ સતત ટાઈટલ જીતનારી પ્રથમ ટીમ છે તે જોતાં, અતુલનીય તાકાતનો આ દાવો સંપૂર્ણ અર્થપૂર્ણ છે.

BCCI રમતનું આર્થિક વિશાળકાય મશીન તો છે જ અને તેની અવિશ્વસનીય બેન્ચ સ્ટ્રેન્થના ઉમેરાથી તે શક્તિ અને પ્રદર્શનનું એક માદક મિશ્રણ બની જાય છે.

ટુ ધ પોઈન્ટ

આ વર્લ્ડકપની સર્વશ્રેષ્ઠ ટીમ તરીકે ઉભરી આવવા ઉપરાંત, આ ભારતીય ટીમ બે દાયકાથી વધુ સમય પહેલા ટૂંકા ફોર્મેટના આગમન પછી આંતરરાષ્ટ્રીય સ્તરે અત્યાર સુધીની સૌથી શ્રેષ્ઠ T20 ટીમ હોઈ શકે છે. ભારતની સર્વોપરિતા 1970ના દાયકાના મધ્યથી 80ના દાયકા દરમિયાનના વેસ્ટ ઈન્ડિઝ અને આ સહસ્ત્રાબ્દીના પ્રથમ દાયકામાં ઓસ્ટ્રેલિયનોના સમયની યાદ અપાવે છે જ્યારે તેઓ વર્ચસ્વ જમાવતા હતા, અને સમગ્ર વિશ્વમાં અનેક વૈશ્વિક ખિતાબો અને સીરિઝો જીતતા હતા. ભારતનું પ્રભુત્વ એટલું રહ્યું છે કે તેઓએ બાકીની ટોચની ટીમોને બીજા સ્થાન માટે લડવા માટે છોડી દીધી છે, જે વૈશ્વિક રમત માટે સારી બાબત નથી કારણ કે તે સ્પર્ધાના અભાવ તરફ નિર્દેશ કરે છે.

જ્યારે ભારતની જીતની રીત અને માર્જિન ટૂંકા ફોર્મેટમાં ટીમની શ્રેષ્ઠતા દર્શાવે છે, ત્યારે તેમની ક્રિકેટની સાચી ઊંડાઈનું મૂલ્યાંકન કરવા માટે તે ખેલાડીઓ તરફ જોવું પડશે જેઓ આ ટુર્નામેન્ટ માટે ટીમમાં સ્થાન પણ મેળવી શક્યા નથી. સંજુ સેમસન, ઈશાન કિશન, જસપ્રિત બુમરાહ, અક્ષર પટેલ, હાર્દિક પંડ્યા અને શિવમ દુબે તેમની સિદ્ધિઓના ગૌરવનો આનંદ માણી રહ્યા છે, ત્યારે જેઓ બહાર રહી ગયા છે તેમના પર નજર નાખવી ડહાપણભર્યું રહેશે. જો કોઈ યશસ્વી જયસ્વાલ, શ્રેયસ અય્યર, શુભમન ગિલ, ઋતુરાજ ગાયકવાડ અને 14 વર્ષના અસાધારણ વૈભવ સૂર્યવંશી જેવા માણસોના રેકોર્ડ્સ પર નજર નાખે, તો તેને અત્યારે ભારતીય ક્રિકેટની ભયાનક ઊંડાઈનો અહેસાસ થશે. જ્યારે રમતના નિષ્ણાતો કહે છે કે ભારત ખૂબ જ સરળતાથી 'B' ટીમ મેદાનમાં ઉતારી શકે છે અને તેમ છતાં વર્લ્ડકપ જીતી શકે છે, ત્યારે કોઈ તેમની ભૂલ કાઢી શકે નહીં, કારણ કે તેઓ તથ્ય જણાવી રહ્યા છે.

હવે અન્ય મોટી ટીમો પર ભારતને આગામી વર્ષો સુધી વિશ્વ ક્રિકેટ પર પ્રભુત્વ જમાવતા અટકાવવાની જવાબદારી છે. ભારતની સફળતામાં પરિબળોના સંયોજને ફાળો આપ્યો છે, જેમાં થિંક ટેન્ક દ્વારા ઉચ્ચ જોખમ, ઉચ્ચ વળતરની વ્યૂહરચના અપનાવવી કે જેમાં વિકેટ બચાવવા કરતા ઝડપી સ્કોરિંગને પ્રાથમિકતા આપવામાં આવી હતી, મેદાન પર યોજનાઓનો સચોટ અમલ અને રમતની મુખ્ય પળોને કબજે કરવી સામેલ છે. અને જ્યારે ટીમમાં બુમરાહ જેવા ચમકતા પ્રતિભાશાળી ખેલાડીઓ હોય, ત્યારે કામ ઘણું સરળ બની જાય છે કારણ કે તેઓ માત્ર થોડા બોલમાં જ મેચની દિશા બદલી શકે છે.

ICC વ્હાઈટ-બોલ ટુર્નામેન્ટના નોકઆઉટમાં ફરી એકવાર શરમજનક શરણાગતિ સાથે, ન્યૂઝીલેન્ડ દક્ષિણ આફ્રિકા પાસેથી 'ચોકર્સ'નું ટેગ વારસામાં મેળવ્યું હોય તેવું લાગ્યું. કીવીઓ 2015 થી 13 આઈસીસી ઈવેન્ટ્સમાં છ ફાઈનલમાં પહોંચ્યા છે, જેમાં માત્ર 2021 વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ જીતી છે. ફાઈનલમાં કેપ્ટન મિશેલ સેન્ટનર દ્વારા લેવામાં આવેલા કેટલાક નિર્ણયો અત્યંત પ્રશ્નાર્થ હતા, જેમાં ટુર્નામેન્ટની સૌથી મોટી મેચમાં સ્કોરબોર્ડનું દબાણ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે ટોસ જીત્યા પછી પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય સામેલ હતો. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ભારતનો ટોચનો ક્રમ ઓફ-સ્પિન સામે નબળાઈ દર્શાવતો હોવા છતાં, ન્યૂઝીલેન્ડે સ્પેશિયાલિસ્ટ ઓફ-સ્પિનર કોલ મેકકોન્ચીને, જેણે દક્ષિણ આફ્રિકા સામેની સેમીફાઈનલમાં બે મુખ્ય વિકેટ ઝડપી હતી, તેને પેસર જેકબ ડફી માટે બહાર રાખ્યો હતો. વધુમાં, ગ્લેન ફિલિપ્સને શરૂઆતમાં માત્ર એક ઓવર આપવામાં આવી હતી – માત્ર પાંચ રન આપવા છતાં – અને તેને પાછો લાવવામાં આવ્યો ન હતો. આ તરફ ટુર્નામેન્ટમાં વારંવાર કેપ્ટનશીપમાં ફેરફાર, ટીમમાં એકતાનો અભાવ અને ખેલાડીઓના વિકાસ કાર્યક્રમના અભાવને કારણે પાકિસ્તાન ક્રિકેટમાં સતત ઘટાડો જોવા મળ્યો હતો. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ, જે દેશના શાસક તંત્રથી ખૂબ પ્રભાવિત છે, તેણે પણ તાજેતરના વર્ષોમાં ટીમના અંતિમ પતનમાં તેની ભૂમિકા ભજવી હતી.

ટુર્નામેન્ટ માટે ICCની પ્રી-સીડિંગ સિસ્ટમ, જે ગ્રુપ સ્ટેજમાં પ્રદર્શનને બદલે ટુર્નામેન્ટ પૂર્વેના રેન્કિંગના આધારે સુપર 8 સ્પોટ્સ નક્કી કરે છે, તેને ભારત અને અન્ય કેટલીક ટોચની ટીમોની તરફેણ કરવા માટે ભારે ટીકાનો સામનો કરવો પડ્યો છે. આ માળખું, જે વ્યાપારી પ્રસારણ લાભો માટે બનાવવામાં આવ્યું છે, તેના પરિણામે અસંતુલન સર્જાયું કારણ કે ચારેય ગ્રુપ વિજેતાઓને (ભારત, દક્ષિણ આફ્રિકા, વેસ્ટ ઈન્ડિઝ, ઝિમ્બાબ્વે) એક ગ્રુપમાં મૂકવામાં આવ્યા હતા, જ્યારે રનર્સ-અપને સરળ રસ્તો મળ્યો હતો. આ સમગ્ર પ્રક્રિયાએ કોઈપણ રમતમાં વૈશ્વિક ઈવેન્ટ સાથે જોડાયેલા પરંપરાગત સસ્પેન્સ અને નિષ્પક્ષતાને ખતમ કરી દીધી, મેદાન પરની વાસ્તવિક ક્રિયા કરતા વ્યાપારી નફાને પ્રાથમિકતા આપી. એસોસિએટ ટીમોએ ટુર્નામેન્ટમાં પોતાની છાપ છોડી હતી જોકે તેઓ હજુ પણ પૂર્ણ સભ્ય રાષ્ટ્રો સાથેનું અંતર ઘટાડવાથી ઘણા દૂર છે. મુખ્ય આકર્ષણોમાં યુએસએ દ્વારા ભારતને લડત આપવી, નેધરલેન્ડનું પાકિસ્તાનને હરાવવાની નજીક પહોંચવું, નેપાળ સામે ઈંગ્લેન્ડનો આબાદ બચાવ અને કેનેડાના યુવરાજ સામરાએ ન્યૂઝીલેન્ડ સામે સદી ફટકારી તેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ઝિમ્બાબ્વેએ ઓસ્ટ્રેલિયાને હરાવીને તેમને ગ્રુપ સ્ટેજમાં બહાર કરી દીધા હતા.

ભારતીય ક્રિકેટ ટીમ ICC T20 વર્લ્ડકપમાં રેકોર્ડ ત્રીજી વખત ચેમ્પિયન બની છે. આ પહેલા ભારતે 2007 અને 2024માં ટાઇટલ જીત્યું હતું. ત્રણેય વર્લ્ડકપમાં ટીમ ઈન્ડિયા માટે કેરળ એક ખાસ સંયોગ હતો. આવા જ સંયોગો ફક્ત T20 વર્લ્ડકપમાં જ નહીં, પરંતુ 1983 અને 2011ના વન ડે વર્લ્ડકપમાં પણ બન્યા હતા

વર્લ્ડકપ જીતવો હોય તો ટીમમાં કેરળનો ખેલાડી હોવો જરૂરી :

43 વર્ષથી ચાલતી પરંપરા

ટીમ ઈન્ડિયાએ ICC T20 વર્લ્ડકપ 2026 જીતીને ઈતિહાસ રચ્યો. સતત બીજીવાર અને કુલ ત્રીજીવાર ચેમ્પિયન બનેલી ભારતીય ટીમ ઘરઆંગણે ટ્રોફીનો બચાવ કરનારી વિશ્વની એકમાત્ર ટીમ બની. ભારતીય ટીમનો મુકાબલો ફાઈનલમાં ન્યુઝીલેન્ડ સામે થયો હતો. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં, ન્યુઝીલેન્ડના દિગ્ગજો ટીમ ઈન્ડિયા સામે સંપૂર્ણ રીતે પાણીમાં બેસી ગયા હતા. ટીમ ઈન્ડિયાના રેકોર્ડ ટાઈટલ વિજયમાં એક અનોખો સંયોગ બન્યો. આ સંયોગમાં કેરળના ખેલાડીઓનો પણ સમાવેશ થાય છે. ICC વર્લ્ડકપમાં ટીમ ઈન્ડિયા જ્યારે પણ ચેમ્પિયન થઈ છે ત્યારે ટીમમાં કેરળનો એક ખેલાડી સામેલ રહ્યો છે એ મોટો સંયોગ જોવા મળ્યો છે.

2026ના T20 વર્લ્ડકપમાં ત્રણ નોકઆઉટ મેચમાં પ્રભાવક પ્રદર્શન કરનાર સંજુ સેમસન ટીમમાં કેરળનું પ્રતિનિધિત્વ કરે છે. ટુર્નામેન્ટની શરૂઆતમાં તેણે સારું પ્રદર્શન ન કર્યું હોવા છતાં, તેણે અંતિમ ત્રણ મેચમાં પોતાનું વિસ્ફોટક ફોર્મ બતાવ્યું, જેનાથી ટીમ ઈન્ડિયા ચેમ્પિયન બની. તેણે સેમી ફાઈનલ અને ફાઈનલ બંનેમાં 89 રન બનાવ્યા.

નોંધનીય છે કે ભારતીય ક્રિકેટ ટીમે અત્યાર સુધીમાં પાંચ ICC વર્લ્ડકપ જીત્યા છે. જેમાં ત્રણ T20 વર્લ્ડકપ અને બે વમ ડે વર્લ્ડકપનો સમાવેશ થાય છે. આશ્ચર્યજનક રીતે, ભારતે જીતેલા દરેક ICC વર્લ્ડકપમાં, કેરળનો ઓછામાં ઓછો એક ખેલાડી તેનો ભાગ રહ્યો છે. આ અનોખો સંયોગ 1983ના વર્લ્ડ કપથી શરૂ થયો હતો. કપિલ દેવની કેપ્ટનશીપ હેઠળ, ટીમ ઈન્ડિયાએ વેસ્ટ ઈન્ડિઝને હરાવીને પહેલીવાર ચેમ્પિયન બન્યું હતું. આ ભારતીય ટીમમાં સુનીલ વોલ્સન નામનો ખેલાડી પણ સામેલ હતો, જે કેરળનો હતો. જોકે, તેને 1983ના વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયા માટે એક પણ મેચ રમવાની તક મળી ન હતી.

1983ના વર્લ્ડકપ પછી, ટીમ ઈન્ડિયાએ 2007નો T20 વર્લ્ડ કપ જીત્યો. ભારતીય ટીમે ફાઈનલમાં પાકિસ્તાનને હરાવ્યું. આ ભારતીય ટીમમાં કેરળના ઝડપી બોલર એસ. શ્રીસંતનો સમાવેશ થતો હતો. 2007માં શ્રીસંતે શાનદાર બોલિંગ કરી હતી. વધુમાં, જોગીન્દર શર્માના બોલ પર શ્રીસંતે ઝડપેલો મિસબાહ-ઉલ-હકનો કેચ અવિસ્મરણીય છે. તેની સાથે બીજી વખત કેરળના ખેલાડીએ વર્લ્ડકપમાં વિજેયી સંયોજન બનાવ્યું. 2007ના વર્લ્ડકપ પછી, ટીમ ઈન્ડિયાએ 2011માં વન ડે વર્લ્ડકપ જીત્યો. શ્રીસંત આ વર્લ્ડકપમાં પણ ટીમ ઈન્ડિયાનો ભાગ બન્યો હતો, તે જો કે પહેલાથી ટીમમાં નહોતો પણ પ્રવીણ કુમાર ઈજાને કારણે બહાર થતાં શ્રીસંતનો ટીમમાં સમાવેશ કરાયો હતો.

ક્રિક ટોક

સુનીલ વાલસલ અને શ્રીસંત પછી, સંજુ સેમસન બે T20 વર્લ્ડકપ જીતમાં ટીમ ઈન્ડિયામાં કેરળનો પ્રતિનિધિ બન્યો. ભારતીય ટીમે 2024માં T20 વર્લ્ડકપ જીત્યો ત્યારે સંજુ સેમસન તે ટીમનો ભાગ હતો. રોહિત શર્માની કેપ્ટનશીપ હેઠળની એ ટીમની પ્લેઈંગ ઈલેવનમાં તેને સ્થાન મળ્યું ન હતું. તે પછી 2026ના T20 વર્લ્ડકપમાં સંજૂને શરૂઆતમાં તક મળી નહોતી પણ અંતિમ ત્રણ મેચમાં સંજુએ એવી વિસ્ફોટક બેટિંગ કરી કે આખી દુનિયા તેની પ્રશંસા કરવા માંડી. માત્ર ત્રણ મેચમાં તેની શક્તિશાળી બેટિંગથી, તે પ્લેયર ઓફ ધ સિરીઝ બન્યો અને ભારતની જીતમાં કેરળના પ્રતિનિધિત્વનો સિલસિલો જાળવી રાખ્યો.

જમ્મુ-કાશ્મીરની રણજીમાં પરીકથા જેવી સફરે કરાવી વિસરાયેલા

અજય શર્માની વાપસી

સ્પેશિયલ કોમેન્ટ

મેચ ફિક્સિંગ પ્રતિબંધ, લાંબી કાનુની લડાઈ પછી વર્ષો સુધી ગુપ્ત રહેલો માજી ભારતીય ઓલરાઉન્ડર અજય શર્મા જમ્મુ અને કાશ્મીરની રણજી ચેમ્પિયન બનવાની એક અનેરી કથામાં અચાનક લાઈમલાઈટમાં આવી ગયો છે. અજય શર્મા રણજી ચેમ્પિયન બનેલી જમ્મુ-કાશ્મીરની ટીમનો મુખ્ય કોચ છે

મેચ ફિક્સિંગને કારણે પ્રતિબંધ, લાંબી કાનૂની લડાઈઓ અને ક્રિકેટ જગત તરફથી વર્ષો સુધી બહિષ્કારને કારણે પાટા પરથી ઉતરી ગયેલી શાનદાર કેરિયર અને ગુમનામીમાં કાઢેલા વર્ષો પછી જમ્મુ-કાશ્મીરની ટીમ રણજી ચેમ્પિયન બનતા ફરી લાઈમલાઈટમાં આવવું. આ એક એવી સફર છે જે કોઈ પણ ક્રિકેટર નહીં ઈચ્છે. જોકે, ભારતના માજી ઓલરાઉન્ડર અજય શર્મા માટે, તે પુનરાગમનનું હૃદયસ્પર્શી પ્રકરણ બન્યું છે. વર્ષોની અજ્ઞાતતા પછી, આ બહુપ્રતિક્ષિત પરિવર્તન જમ્મુ અને કાશ્મીરના રણજી ટ્રોફી અભિયાનના રૂપમાં આવ્યું અને તેમની ઐતિહાસિક ટાઈટલ જીત તેમની માટે ચક દે! ઈન્ડિયા ક્ષણ હતી. શર્માએ દિલ્હી માટે છ રણજી ટ્રોફી ફાઈનલ રમી હતી, પરંતુ તેણે જે જમ્મુ અને કાશ્મીરના મુખ્ય કોચ તરીકે બાલ્કનીમાંથી નિહાળી, તે તેના માટે ખૂબ જ ખાસ બની હતી. જોકે, કર્ણાટક સામેની ફાઈનલ પહેલા તેણે પોતાની ટીમનું વર્ણન કરવા માટે 'ચક દે' ને બદલે બોલિવૂડના બીજા રૂપકનો ઉપયોગ કર્યો. તેણે પોતાના ખેલાડીઓની સરખામણી અમિતાભ બચ્ચન અને ધર્મેન્દ્ર અભિનીત 1975ની પ્રતિષ્ઠિત ફિલ્મ 'શોલે'ના પાત્રો સાથે કરી . તેમણે તેમને કહ્યું કે આ મેચને પોતાની બ્લોકબસ્ટર સ્ક્રિપ્ટની જરૂર છે.

કોણ જય બનશે? કોણ વીરુ બનશે? ગબ્બર જેવો જોરદાર દેખાવ કોણ કરશે? તેણે આ પ્રશ્નોના જવાબો ડ્રેસિંગ રૂમમાં છોડી દીધા. શર્મા કહે છે, દરેક વ્યક્તિએ પોતાનો રોલ પસંદ કર્યો અને તે ભજવ્યો. આપણી પાસે એક પણ હીરો નથી. દરેક પાત્રને ભજવવાની ભૂમિકા હતી. હવે તે બધા હીરો બની ગયા છે.

આ અભિયાનમાં જમ્મુ અને કાશ્મીર માજી ચેમ્પિયન ટીમને હરાવીને ફાઈનલમાં પહોંચે એવી માગ થઈ હતી, અને તેઓએ એક પછી એક આમ કર્યું. તેઓએ પહેલા ઘરઆંગણે દિલ્હીને હરાવ્યું , જેમાં પારસ ડોગરાએ દબાણ હેઠળ શાનદાર સદી ફટકારી અને વંશ શર્માએ ત્રીજી ઈનિંગમાં છ વિકેટ લીધી. ત્યારબાદ હૈદરાબાદ સામેની હોમ મેચ આવી. ગ્રીનટોપ ખાતે જમ્મુ અને કાશ્મીર 170 રનમાં ઓલઆઉટ થયા પછી, સુનિલ કુમાર અને આબિદ મુશ્તાકે પાંચ-પાંચ વિકેટ સાથે મજબૂત વાપસી કરી. ઈન્દોરમાં મધ્યપ્રદેશ સામેની ક્વાર્ટર ફાઈનલમાં પણ આવી જ પેટર્ન જોવા મળી, જ્યાં ટીમ શરૂઆતની મુશ્કેલીઓ પછી સ્વસ્થ થઈ. જમ્મુ અને કાશ્મીર 194 રનમાં ઓલઆઉટ થયા પછી, આકિબ નબીએ મધ્યપ્રદેશની પ્રથમ ઈનિંગમાં સાત વિકેટ લઈને મેચનું પાસું પલટાવી દીધું. કલ્યાણીમાં બંગાળ સામેની સેમિફાઈનલમાં, જમ્મુ અને કાશ્મીરે પ્રથમ ઈનિંગની સરસાઈ ગુમાવી દીધી હતી. પરંતુ નબીની આગેવાની હેઠળના તેમના ઝડપી બોલરોએ બંગાળને 99 રનમાં ઓલઆઉટ કરી દીધું, જેના પછી અબ્દુલ સમદે પીછો કરતી વખતે ટીમને વિજય અપાવ્યો. ફાઈનલમાં, તેઓએ આઠ વખતના ભૂતપૂર્વ ચેમ્પિયન કર્ણાટકને સંપૂર્ણપણે હરાવ્યું, જેની પ્લેઈંગ ઈલેવનમાં પાંચ ટેસ્ટ ખેલાડીઓ હતા. મેચની સવારે જ હુબલી પહોંચેલા કમરાન ઈકબાલ અને થોડા દિવસોથી બીમાર અને નાની ઈજા ધરાવતા સાહિલ લુથરાની બીજી ઈનિંગની સદીઓએ મેચને સીલ કરી દીધી. ટાઈટલ જીત્યા પછી કોચ અજય શર્માએ કહ્યું હતું કે આ અનુભવી ટીમો છે. તેમના હોમ ગ્રાઉન્ડ પર જઈને તેમને હરાવવાનું ક્યારેય સરળ નથી. પરંતુ અમારી પાસે રિધમ હતો અને વધુ અગત્યનું, વિશ્વાસ પણ હતો.

આત્મવિશ્વાસ કેળવવો સરળ હતો. ઈતિહાસ અને માળખાગત સુવિધાઓની ખામીઓનો સામનો કરવો વધુ મુશ્કેલ હતું. લગભગ પાંચ દાયકાઓ સુધી, જમ્મુ અને કાશ્મીર ક્રિકેટ ઉપેક્ષા અને માળખાગત સુવિધાઓના અભાવનો ભોગ બન્યું. આજે પણ, સમગ્ર પ્રદેશમાં ફક્ત બે મુખ્ય મેદાનો સેવા આપે છે - શ્રીનગરમાં શેર-એ-કાશ્મીર સ્ટેડિયમ અને જમ્મુમાં ગાંધી મેમોરિયલ સાયન્સ કોલેજ ગ્રાઉન્ડ. શિયાળામાં બરફવર્ષા અને ચોમાસા દરમિયાન પૂરના પાણીને કારણે શ્રીનગરનું મેદાન વર્ષમાં લગભગ ચાર મહિના માટે બિનઉપયોગી બની જાય છે. રાજ્યમાં હજુ પણ ઈન્ડોર સુવિધાનો અભાવ છે. ટીમને આ પડકારોમાંથી પસાર થવું પડ્યું, જે તેમને આશા છે કે ટૂંક સમયમાં ઉકેલાઈ જશે.

શર્મા કહે છે, "જ્યારે હું 2022 માં જોડાયો ત્યારે મિથુન મનહાસ અને બ્રિગેડિયર અનિલ ગુપ્તાના નેતૃત્વમાં એક સબ-કમિટી હતી. મિથુન પાસે એક વિઝન હતું. તે ઈચ્છતો હતો કે જમ્મુ અને કાશ્મીર રણજી ટ્રોફી જીતે. મેં તેને કહ્યું, મિથુન, પહેલા આપણે સતત નોકઆઉટ માટે ક્વોલિફાય થઈએ અને પછી જીતવાની વાત કરીએ. પરંતુ તેને વિશ્વાસ હતો. શર્મા માટે, તે માન્યતાને વાસ્તવિકતામાં ફેરવવા માટે ખૂબ જ મહેનતની જરૂર હતી.તે કહે છે કે એક ખેલાડી તરીકે, મેં ઘણી ફાઈનલ જોઈ છે. પરંતુ કોચ તરીકે, તમારે એક અલગ પ્રકારના દબાણનો સામનો કરવો પડે છે. ખેલાડીઓ સાથે જોડાણ બનાવવામાં સમય લાગ્યો. શરૂઆતમાં, તેઓ મને પસંદ નહોતા કરતા. સમય જતાં, અમારા સંબંધોમાં વિકાસ થયો. આજે, તમે પરિણામો જુઓ છો. કેટલાક ખેલાડીઓ IPL રમ્યા પછી પોતાને સ્ટાર માનવા લાગે છે. પરંતુ આ જ ખરી ટ્રોફી છે. રણજી ટ્રોફી જીતવાથી તમને ખરેખર મહત્વ મળે છે. તે તમારું ભાગ્ય બદલી શકે છે. હવે તમારા માટે આકાશ જ મર્યાદા છે અને તેઓ તે જોઈ શકે છે.

ફાઈનલ મેચે નવા પડકારો ઉભા કર્યા. મેચની પૂર્વસંધ્યાએ, ઈજાઓએ જમ્મુ અને કાશ્મીરના સંયોજનને અપંગ બનાવ્યું. શર્માએ કહ્યું કે શુભમ ખજુરિયા એક સિનિયર ખેલાડી છે. વંશે અમારા માટે મેચો જીતાડી હતી. અમે શું કરવું તે અંગે મૂંઝવણમાં હતા, કમરાન ઈકબાલને મોડી રાત્રે ફોન કરીને અમે તેને રાત્રે 11.30 વાગ્યાની ફ્લાઈટ પકડીને સવારે છ વાગ્યા સુધીમાં પહોંચવાનું કહ્યું. તે સરળ નહોતું. પરંતુ તેણે બતાવ્યું કે તે ટીમ માટે શું કરી શકે છે.